RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઇન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

RNI No.: GUJGUJ/2023/87652

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 24 November 2024, Monday | Page : 10 | Year : 2 | Issue : 32 | Price: 2/-



**70 અબજ ડોલરના 'જમ્પ' સાથે મસ્કની મૂડી 347.8 અબજ ડોલર પર પહોંચી**

વાંચો પેજ નં. 03



### સંભલ જામા મસ્જિદ સર્વેથી વિવાદ

# ટોળાએ પોલીસના વાહનો સળગાવ્યા, 3 વ્યક્તિનાં મોત

## સપા સાંસદ બર્કના વિસ્તારમાં ફરીથી પથ્થરમારો

ભારત હેડલાઇન, તા.૨૪

ઉત્તરપ્રદેશના સંભલની જામા મસ્જિદમાં સરવેથી નારાજ લોકોએ પોલીસ પર પથ્થરમારો કરી દેતાં ફરી એકવાર મોટી બબાલ થઇ હતી. ભીડને વેર વિખેર કરવા માટે પોલીસ દ્વારા ટીયર ગેસનો મારો ચલાવાયો હતો. કોર્ટના આદેશ બાદ આજે જ્યારે ટીમ બીજી વખત સરવે કરવા માટે પહોંચી ત્યારે ટોળાએ રોષે ભરાઈને પોલીસ પર હુમલો કર્યો હતો. તો પોલીસ દ્વારા ૧૦ લોકોની અટકાયત કરી લેવામાં આવી છે. આ દરમિયાન ભીડે પોલીસ પર પથ્થરમારો કર્યો હતો અને ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે જેમાં પોલીસ અને એસપી હેલ્મેટ પહેરેલા જોવા મળી રહ્યા છે અને બીજી બાજુથી પથ્થરમારો કરવામાં આવી રહ્યો છે. હાલ સંભલમાં સ્થિતિ તંગ જોવા મળી રહી છે.

ઉત્તરપ્રદેશના સંભલમા જામા મસ્જિદમાં સરવે દરમિયાન થયેલા હોબાળામાં બે લોકોના મોત થયા છે. જિલ્લાના એસપીએ તેની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું કે, આ ઘટનામાં ૩ લોકોના જીવ ગયા છે. જ્યારે સપા અને બસપાએ યોગી સરકાર પર આરોપ લગાવ્યા છે. તો બીજી તરફ ભાજપે વિપક્ષને ઘેર્યું છે.

જણાવી દઈએ કે, સ્થાનિક કોર્ટમાં એક અરજી દાખલ કરીને દાવો કરાયો છે કે જે જગ્યાએ જામા મસ્જિદ છે ત્યાં પહેલા હરિહર મંદિર હતું.

અખિલેશ યાદવે આ મામલે યોગી સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, જ્યારે સરવે થઈ ચૂક્યો હતો તો ફરીવાર શા માટે સરવે કરાવ્યો? તે પણ સવાર-સવારમાં, કોઈ બીજા પક્ષને સાંભળનારું નથી. એટલા માટે સરવે કરાયો છે કારણ કે ચૂંટણી છોડીને બીજી વાત પર ચર્ચા થાય.'

### મણિપુર હિંસાઃ

# 7 જિલ્લામાં ઈન્ટરનેટ પ્રતિબંધ લંબાયો



## ધારાસભ્યોના ઘર પર હુમલામાં અત્યાર સુધીમાં 34ની ધરપકડ; સુરક્ષા દળોની 288 કંપનીઓ તૈનાત

ભારત હેડલાઇન, તા.૨૪

મણિપુર સરકારે ૭ જિલ્લાઓમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવા પરનો પ્રતિબંધ વધુ બે દિવસ માટે લંબાવ્યો છે. ઈમ્ફાલ વેસ્ટ, ઈમ્ફાલ ઈસ્ટ, કાકચિંગ, બિષ્ણુપુર, થૌબલ, ચુરાચંદપુર અને કાંગપોકપી જિલ્લામાં ૧૬ નવેમ્બરના રોજ પ્રથમ બે દિવસ માટે ઇન્ટરનેટ સેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. મણિપુરમાં હિંસા ચાલુ છે. તેને ધ્યાનમાં રાખીને પ્રતિબંધને સતત લંબાવવામાં આવી રહ્યો છે. ગૃહ વિભાગે નોટિસ જારી કરી છે. આ પહેલા ૧૯ નવેમ્બરે સરકારે બ્રોડબેન્ડ સેવા પરનો પ્રતિબંધ હટાવી લીધો હતો. જેથી શાળા, કોલેજ, હોસ્પિટલ, સરકારી કચેરીઓનું કામકાજ અટકી ન જાય. તે જ સમયે, ૧૬ નવેમ્બરે ધારાસભ્યોના ઘરોમાં તોડફોડ અને આગચંપી કરવાના કેસમાં વધુ બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે અત્યાર સુધીમાં ૩૪ લોકોની ધરપકડ કરી છે.

# હેમંત સોરેન 28મીએ ઝારખંડના CM પદના શપથ લેશે

ભારત હેડલાઇન, તા.૨૪

ઝારખંડ વિધાનસભા ચૂંટણીમાં ઝારખંડ મુક્તિ મોર્ચા (JMM)ના નેતૃત્વવાળા ગઠબંધનની જીત થઈ છે. આ સાથે હેમંત સોરેન પોતાની સરકાર રિપીટ કરવામાં સફળ રહ્યા છે. ઝારખંડ રાજ્યની રચના બાદ આ પહેલી ઘટના હશે, જ્યારે કોઈ સરકારને બીજા કાર્યકાળ માટે જનાદેશ મળ્યો હોય. હેમંત સોરેને



રાજભવન પહોંચીને ગવર્નર સંતોષ ગંગવાર સાથે મુલાકાત કરી અને તેમણે પોતાનું રાજીનામું સોંપ્યું, પછી સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો. નવી સરકારનો શપથગ્રહણ સમારોહ ૨૮ નવેમ્બરે રાંચીમાં યોજાઈ શકે છે.

## મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી, 2 ડેપ્યુટી CMની ફોર્મ્યુલા નક્કી; આજે શપથ ગ્રહણ શક્ય

ભારત હેડલાઇન, તા.૨૪

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ હવે સ્પષ્ટ થઈ ગયું છે કે રાજ્યમાં ગઠબંધન સરકાર બનશે. કદાચ મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી, બે ડેપ્યુટી મુખ્યમંત્રીની ફોર્મ્યુલા નક્કી થશે. આજે શપથગ્રહણ સમારોહ પણ શકય છે. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પરિણામો બાદ કહ્યું કે ચૂંટણી પહેલા એ નક્કી નથી થયું કે જેની પાસે વધુ સીટો હશે તે સીએમ બનશે.

# ઓસ્ટ્રેલિયા સામે ભારત જીતથી સાત વિકેટ દૂર

## વિરાટ કોહલી ટેસ્ટમાં 30મી સદી ફટકારી ડોન બ્રેડમેનથી આગળ નીકળ્યો

ભારત હેડલાઈન, તા.૨૪

ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન વિરાટ કોહલીએ ટેસ્ટમાં ઈતિહાસ રચ્યો છે. તેણે ઓસ્ટ્રેલિયા સામે પર્થ ટેસ્ટમાં સદી ફટકારીને સર ડોન બેડમેનનો રેકોર્ડ તોડ્યો હતો. કોહલીએ પર્થ ટેસ્ટના ત્રીજા દિવસે (૨૪ નવેમ્બર) આ સિદ્ધિ મેળવી હતી.

હકીકતમાં કોહલીએ પર્થ ટેસ્ટમાં પોતાના કરિયરની ૩૦મી ટેસ્ટ સદી ફટકારી હતી. આ મામલે તેણે ટેસ્ટ ક્રિકેટમાં સર ડોન બેડમેનને પાછળ પાડી દીધો છે, જેમણે ૨૯ સદી ફટકારી હતી. કોહલીએ કારકિર્દીની ૨૦૨મી ઈનિંગમાં આ સદી ફટકારી છે. તેની સાથે જ તેના કરિયરની ૩૦મી ટેસ્ટ સદી ફટકાર્યા બાદ કોહલી આ મામલે મેથ્યુ હેડન અને શિવનારાયણ ચંદ્રપોલની બરાબરી પર આવી ગયો છે.

કોહલીની આ ઈન્ટરનેશનલ ક્રિકેટ કારકિર્દીની ૮૧મી સદી હતી. સૌથી વધુ આંતરરાષ્ટ્રીય સદીના મામલે કોહલી બીજા સ્થાને છે. સચિન તેંડુલકર ૧૦૦ સદી સાથે ટોચ પર છે. કોહલીએ પર્થ ટેસ્ટમાં ૧૪૩ બોલમાં અણનમ ૧૦૦ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે ૨ છગ્ગા અને ૮ ચોગ્ગા ફટકાર્યા હતા. કોહલીએ સદી ફટકારતા જ ભારતીય દાવ ૬ વિકેટે ૪૮૭ રન પર ડિકલેર કરી દીધો હતો. આ રીતે ભારતીય ટીમે પર્થ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાને ૫૩૪ રનનો ટાર્ગેટ આપ્યો હતો.



### આશ્ચર્યજનકઃ ડેવિડ વોર્નર અનસોલ્ડ રહ્યો!, કોઈ ટીમે રસ દાખવ્યો નહીં

# પંત IPLનો સૌથી મોંઘો પ્લેયર, 27 કરોડમાં લખનઉએ ખરીદ્યો

## શ્રેયસ ઐયર 26.75 કરોડમાં પંજાબમાં સામેલઃ અર્શદીપસિંહને પંજાબે 18 કરોડમાં ખરીદ્યો, જોસ બટલરને 15.75 કરોડમાં ગુજરાતે ખરીદ્યો














ભારત હેડલાઈન, તા.૨૪

સાઉદી અરેબિયાના જેદ્દાહમાં ચાલી રહેલી મેગા ઓક્શનમાં ૨ ભારતીય ક્રિકેટર IPL ઈતિહાસના સૌથી મોટા ખેલાડી બની ગયા છે. નંબર વન પર રિષભ પંત છે જે અત્યાર સુધીનો સૌથી મોંઘો ક્રિકેટર છે. દિલ્હી કેપિટલ્સના ભૂતપૂર્વ કેપ્ટન અને વિકેટકીપર પંતને લખનઉ સુપર જાયન્ટ્સે ૨૭ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. બીજા નંબરે કેપ્ટન અને બેટર શ્રેયસ અય્યર છે, જેને પંજાબ કિંગ્સે રૂ. ૨૬.૭૫ કરોડની બોલી લગાવીને ખરીદ્યો હતો. લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલને પંજાબ કિંગ્સે ૧૮ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. યુઝવેન્દ્ર IPL ઈતિહાસનો સૌથી મોંઘો સ્પિનર બની ગયો છે. આ ઉપરાંત મિચેલ સ્ટાર્કને દિલ્હીએ ૧૧.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. કે એલ રાહુલને દિલ્હીએ ૧૪ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ઈંગ્લિશ ઓલરાઉન્ડર લિયામ લિવિંગ્સ્ટનને બેંગલુરુએ ૮.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. મોહમ્મદ સિરાજને ગુજરાત ટાઈટન્સે ૧૨.૨૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. મોહમ્મદ શમીને હૈદરાબાદે ૧૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. જોસ બટલરને ગુજરાત ટાઈટન્સે ૧૫.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. અર્શદીપસિંહને પંજાબે ૧૮ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.



# વિદેશમંત્રી જયશંકર ત્રણ દિવસીય ઈટાલી પ્રવાસે

## G7 દેશોના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે; પીએમ મોદીએ જૂનમાં મુલાકાત લીધી હતી

ભારત હેડલાઇન, તા.૨૪

વિદેશ મંત્રી એસ જયશંકર આજે ત્રણ દિવસની ઈટાલીની મુલાકાતે જશે. ૨૪થી ૨૬ નવેમ્બર સુધી ચાલનારા આ પ્રવાસમાં તેઓ G7 દેશોના વિદેશ મંત્રીઓની આઉટરીચ બેઠકનો ભાગ બનશે. ઈટાલીએ આ બેઠક માટે ભારતને અતિથિ દેશ તરીકે આમંત્રણ આપ્યું છે.વિદેશ મંત્રીઓની આ બેઠક ઈટાલીના ફિયુગીમાં યોજાશે. આ દરમિયાન જયશંકર ઈટાલી સહિત અન્ય દેશોના વિદેશ મંત્રીઓ સાથે મુલાકાત કરશે અને દ્વિપક્ષીય બેઠક કરશે.તેમની મુલાકાત દરમિયાન તેઓ રોમમાં ભારતીય દૂતાવાસના નવા પરિસરનું ઉદઘાટન પણ કરશે. આ સિવાય તે ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સ્ટડીઝ (ISPI) દ્વારા આયોજિત 'મેડિટેરેનિયન ડાયલોગ'ની ૧૦મી આવૃત્તિમાં પણ ભાગ લેશે.ભૂમધ્ય સંવાદ દર વર્ષે રોમમાં યોજાય છે. આ સામાન્ય રીતે મેડ ડાયલોગ તરીકે ઓળખાય છે. આ વખતે તેનું આયોજન ૨૫થી ૨૭ નવેમ્બર દરમિયાન કરવામાં આવશે.આ વર્ષે ૧૪ જૂનના રોજ ઈટાલીમાં G7 દેશોના રાજ્યોના વડાઓની આઉટરીચ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ આ બેઠક માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપ્યું હતું.આ સમિટ દરમિયાન ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની સિવાય તેઓ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન, બ્રિટિશ પીએમ ઋષિ સુનક અને વેટિકન સિટીના વડા પોપ ફ્રાન્સિસને મળ્યા હતા. સમિટમાં મોદી અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી વચ્ચે પણ મુલાકાત થઈ હતી. આ સિવાય જયશંકર ૨ અને ૩ નવેમ્બરે પણ ઈટાલી ગયા હતા. આ દરમિયાન તેમણે ઈટાલીના વિદેશ મંત્રી એન્ટોનિયો તાજાની સાથે વાતચીત કરી હતી. આ વાતચીતમાં ૨૦૨૩-૨૭ માટે બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક ભાગીદારી વધારવા પર સહમતિ બની હતી.

# રશિયાએ યુક્રેનના કબજામાંથી ૪૦% જમીન છોડાવી

## કુર્સ્કની ૧૩૭૬ ચોરસ કિમી જમીન યુક્રેન દ્વારા કબજે કરવામાં આવી હતી, ઓગસ્ટમાં હુમલો કરવામાં આવ્યો હતો



ભારત હેડલાઇન, તા.૨૪

યુક્રેને ઓગસ્ટમાં રશિયાના કુર્સ્ક વિસ્તારમાં અચાનક હુમલો કર્યો હતો. આ સમયગાળા દરમિયાન યુક્રેને કુર્સ્કનો મોટો વિસ્તાર કબજે કર્યો હતો. જો કે, હવે રશિયાએ યુક્રેન પાસેથી ૪૦% જમીન પાછી છીનવી લીધી છે. યુક્રેનના જનરલ સ્ટાફના એક અધિકારીએ આ માહિતી આપી હતી.

અધિકારીના જણાવ્યા અનુસાર, યુક્રેન કુર્સ્ક પ્રાંતમાં ૧૩૭૬ ચોરસ કિલોમીટર જમીન પર કબજો કરી લીધો હતો. જોકે, રશિયાની જવાબી કાર્યવાહીને કારણે હવે તે ઘટીને માત્ર ૮૦૦ ચોરસ કિમી થઈ ગયું છે. રશિયાએ કુર્સ્ક વિસ્તારમાં ૫૯ હજાર સૈનિકો તૈનાત કર્યા છે. અધિકારીએ કહ્યું કે દુશ્મન સતત હુમલો કરી રહ્યો છે, પરંતુ અમે આ વિસ્તારને અમારા નિયંત્રણમાં રાખીશું.

ગયા અઠવાડિયે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડને યુક્રેનને રશિયાની અંદર ઊંડે સુધી હુમલો કરવાની પરવાનગી આપી હતી. આ પછી ૧૯ નવેમ્બરના રોજ, પ્રથમ વખત, યુક્રેને રશિયાના બ્રાયન્સ્ક વિસ્તારમાં અમેરિકા તરફથી મળેલી ૬ લાંબા અંતરની ATACMS મિસાઈલો છોડી દીધી. રશિયાએ ૫ મિસાઈલ તોડી પાડવાનો દાવો કર્યો છે. બીજા જ દિવસે યુક્રેને બ્રિટનની 'સ્ટોર્મ શેડો ક્રૂઝ' મિસાઈલ વડે રશિયાના કુર્સ્ક વિસ્તારમાં હુમલો કર્યો. આ હુમલાઓ પછી બદલો લેવા માટે, રશિયાએ યુક્રેનિયન શહેર ડીનિપ્રો પર મધ્યમ રેન્જની બેલેસ્ટિક મિસાઈલ છોડી દીધી. રશિયાની આ નવી મધ્યવર્તી રેન્જની બેલેસ્ટિક મિસાઈલનું નામ ઓરેશ્નિક છે. રશિયાએ જવાબી કાર્યવાહીને નાટો માટે ચેતવણી ગણાવી હતી. હુમલા બાદ યુક્રેન હવે અમેરિકા અને બ્રિટન સાથે નવી એર ડિફેન્સ સિસ્ટમ ખરીદવાની વાત કરી રહ્યું છે.

# ૭૦ અબજ ડોલરના 'જમ્પ' સાથે મસ્કની મૂડી ૩૪૭.૮ અબજ ડોલર પર પહોંચી

ભારત હેડલાઇન, તા.૨૪

ટ્રમ્પના વિજય સાથે એલન મસ્કની કુલ મિલકત (મૂડી)માં ૭૦ અબજ ડોલરનો ઊછાળો આવતાં તે ૩૪૭.૮ અબજ ડોલર પર પહોંચી છે. જ્યારે તેઓની AI કંપની XAI ની વેલ્યુ બમણી થઈ ગઈ છે. ઉલેખનીય છે કે મહિના પૂર્વે જ મસ્કની કુલ મૂડી (મિલકત) ૨૦૦ અબજ ડોલર જ અંકાતી હતી. પરંતુ ટ્રમ્પના વિજય પછી ટેસ્લાના સ્ટોકમાં ૪૦ ટકા વધારો થઈ ગયો છે. જ્યારે XAI તો તેના બમણા સ્તરે પહોંચી છે.

મસ્કનો વિજય રથ અટકવાનું નામ લેતો નથી, ધાર્યા કરતાં પણ તે આગળ નીકળી ગયો છે. તેઓની AI કંપની XAI રોકેટની ગતિએ આકાશને આંબી રહી છે. મસ્કની કુલ મૂડીની માહિતી બ્લુમબર્ગ બિલિયોનર્સ ઇન્ડેક્ષ પરથી લેવામાં આવે છે. નવેમ્બર ૫, (અમેરિકાની ચૂંટણી પરિણામનો દિવસ) મસ્ક માટે ભાગ્ય પરિવર્તનનો દિવસ બની રહ્યો. ટેસ્લાના શેરની કિંમત ૪૦ ટકા વધી ગઈ. શુક્રવારે શેર બજાર બંધ થયું ત્યારે જ તેના સ્ટોકની નેટવર્થ ૭ અબજ ડોલર વધીને ૩૨૧.૭ અબજ ડોલર પહોંચી હતી. તેમાં ટ્રેસ્લાના ૩.૮૨ જેટલા વધારાએ સિંહ ભાગ ભજવ્યો હતો. મહામારી દરમિયાન પણ તેમાં વધારો નોંધાયો હતો, અને નવેમ્બર ૨૦૨૧માં તે ૩૨૦.૩ અબજ સુધી પહોંચ્યો હતો. જ્યારે અત્યારે તેઓની કરન્ટ નેટવર્થ અંદાજિત ૩૪૭.૮ અબજ ડોલરની અંકાય છે. જાણકારો કહે છે કે, ટ્રમ્પ વહીવટી તંત્રમાં ચાલનારી મસ્કની વગને લીધે ટેસ્લા માટે સાનુકૂળ નિયમનો ઘડાશે. ઉપરાંત તે ચૂંટણી પરિણામો પછી સ્પેસ એક્સના સૌથી મોટા શેર હોલ્ડર સ્પેસ X-CEOની નેટવર્થમાં અંદાજે ૮૩ અબજ ડોલરનો વધારો થયો હોવાનું જાણકારોનું અનુમાન છે.



# રેગિંગ કાંડનો એક આરોપી ગુજકોમાસોલના ડિરેક્ટરનો પૌત્ર



મૃતક અનિલ મેથાણિયા

## પાટીદાર સમાજે રેલી યોજી આવેદન પત્ર પાઠવ્યું

પાટણના ધારપુર ખાતે આવેલી મેડિકલ કોલેજ ખાતે જેશડા ગામના પતુદર સમાજના યુવાન સાથે કેટલાક સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા એટલી હદે રેગિંગ કર્યું હતું કે જેસડા ગામનો યુવાન જિંદગીની છોડીને ચાલ્યો ગયો હતો. આ યુવાન પરેદિકલ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા એવો તે કેવો ત્રાસ આપ્યો હસે કે જવાનજોધ યુવાનનું શરીર આ પીડા સહન કરી શક્યું નહી. પરંતુ જ્યારે યુવાન મોતને ભેટ્યો ત્યારે તેઓના પરિવારજનો સહિત આખુંય જેસડા ગામ પણ હીબકે ચડ્યું હતું તેવામાં ધ્રાંગધ્રા ખાતે જેશડા ગામના મૃતક વિદ્યાર્થીને ન્યાય અપાવવા માટે શુક્રવારે સવારે પાટીદાર સમાજે રેલી અને આવેદન પત્ર પાઠવ્યું હતું. મોટી સંખ્યમાં પાટીદાર સમાજ એકત્ર થઈ રેલી સ્વરૂપે ધ્રાંગધ્રા સેવા સદન ખાતે પહોંચ્યો હતો અને પ્રાંત અધિકારી તથા મામલતદારને આવેદન પત્ર પાઠવી જે પ્રકારે પાટણ ખાતે મેડિકલ કોલેજમાં રેગિંગની બનાવ બન્યો તેમાં તટસ્થ તપાસ કરવી સાથે જ સિનિયર વિદ્યાર્થીઓ સહિત મેડિકલ કોલેજના જવાબદાર સંચાલકો સામે પણ પગલાં ભરવાની માંગ સાથે ગુજરાતની અન્ય કોઈપણ સ્થળે આ પ્રકારની ઘટના ન બને તેની તકેદારી રાખી ઝડપાયેલ સિનિયર વિદ્યાર્થીઓ પર કડક કાર્યવાહીની માંગ કરી હતી. જોકે આ રેલીમાં પાટીદાર સમાજ સાથે અન્ય સમાજે પણ ટેકો જાહેર કરી અને રેગિંગ કરનાર યુવાનો સામે રોષ વ્યક્ત કરાયો હતો.

### ● અવધેશ પટેલના દાદા મૃતકના ઘરે સાંત્વના આપવા પહોંચ્યા

ભારત હેડલાઇન, તા.૨૪

પાટણની ધારપુર મેડિકલ કોલેજમાં રેગિંગ બાદ ધ્રાંગધ્રાના જેસડાના યુવકના મોત બાદ કોલેજના ડીન દ્વારા ફરિયાદ નોંધાવામાં આવી છે. જે પૈકી એક આરોપી પાટડીના માલવણો અને ગુજકોમાસોલના ડિરેક્ટરનો પૌત્ર છે. આ ઘટના બાદ વિદ્યાર્થીના દાદા મૃતકના ઘરે સાંત્વના આપવા પહોંચ્યા હતા અને મારો પૌત્ર તો અનિલને દવાખાને લઈ ગયો હતો તેને આરોપી બનાવી દીધો હોવાનું જણાવ્યું હતું. પાટણ ધારપુર રેગિંગકાંડમાં ૧૪ આરોપીમાં અવધેશ અશોકભાઈ પટેલ પાટડી તાલુકાના માલવણ ગામનો ગુજકોમાસોલના ડિરેક્ટર ઈશ્વરભાઈ નથુભાઈ પટેલનો પૌત્ર હોવાનું સામે આવ્યું હતું. અવધેશ પટેલ ભણવામાં ખુબ હોશિયાર હતો. ધોરણ એકથી આઠ માલવણ ઉમિયા સંકુલમાં અભ્યાસ કર્યા બાદ ધોરણ ૮થી ૧૨ હળવદની મહર્ષિ શાળામાં અભ્યાસ કર્યો હતો. નીટની પરીક્ષામાં સારા માર્ક્સ મેળવી પાટણ ધારપુર કોલેજમાં સરકારી ક્વોટામાં એડમિશન મેળવી હાલ મેડિકલ કોલેજમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. એના પિતા અશોકભાઈ પટેલ માલવણ ગામમાં જ હાર્ડવેરની દુકાન ચલાવે છે.

અવધેશ અને મૃતક એક જ તાલુકાના હોય મિત્રો હતા. આ પોલીસ ફરિયાદ મૃતકના પરિવારજનોએ નહીં પરંતુ કોલેજના ડીને નોંધાવી છે. અત્યારે અમે સમાજના આગેવાનો સાથે અમારા જ પાટીદાર સમાજના મૃતકના પરિવારજનોના દુઃખમાં ભાગીદાર થવા અને સાંત્વના પાઠવવા ઘરે આવ્યા છીએ.

# AMCની જુનિયર ક્લાર્કની પરીક્ષામાં હોબાળો: સરખેજની શાળામાં પેપર ફૂટ્યાનો આક્ષેપ

### 300 પરીક્ષાર્થીઓ પરીક્ષાથી વંચિત; એક્ઝામિનેશન કમિટીએ કહ્યું- પરીક્ષા ફરીથી નહીં લેવાય

ભારત હેડલાઇન, તા.૨૪

અમદાવાદ મનપામાં જુનિયર ક્લાર્કની ભરતી માટે આજે અમદાવાદના અલગ અલગ સેન્ટર પર પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં સરખેજમાં આવેલી કુવૈસ પ્રાથમિક-માધ્યમિક શાળાના કેન્દ્ર પર પરીક્ષાર્થીઓને આપવામાં આવેલી OMR સીટ અને બેઠક ક્રમાંકમાં ફેરફાર હોય પરીક્ષાર્થીઓએ હોબાળો મચાવ્યો હતો અને પરીક્ષા કેન્દ્રમાંથી બહાર નીકળી ગયા હતા. પરીક્ષાર્થીઓએ પેપર ફૂટ્યું હોવાનો દાવો કર્યા બાદ વિદાર્થી નેતા યુવરાજસિંહ પણ ટ્વીટ કર્યું હતું અને સરખેજના કેન્દ્ર પર પહોંચી ગયા હતા.જો કે, અમદાવાદ મનપાના અધિકારીએ પેપર ફૂટ્યાની વાતને



નકારી હતી. વિવાદ વચ્ચે જ પરીક્ષાનો સમય પૂર્ણ થઈ જતા ૩૦૦ જેટલા પરીક્ષાર્થીઓ પરીક્ષાથી વંચિત રહ્યા હોવાનું સામે આવ્યું છે. કુવૈસ પ્રાથમિક શાળાના કેન્દ્ર પર પરીક્ષા દરમિયાન થયેલા હોબાળા મામલે ગુજરાત યુનિવર્સિટી ખાતે કુલપતિ સહિત ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર હાજર રહ્યા હતા. જેમાં આ પરીક્ષા ફરીથી નહી લેવાનો નિર્ણય કરાયો છે. GUPECના OSDએ બેઠક બાદ કહ્યું હતું કે, ગણતરીના લોકોના વિરોધના કારણે લાખો પરીક્ષાર્થીઓને અન્યાય નહીં થાય. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જુનિયર ક્લાર્ક ની પરીક્ષામાં સરખેજ વિસ્તારમાં આવેલી કુવૈસ પ્રાથમિક શાળામાં આન્સર શીટ અને OMR શીટના નંબર અલગ હોવાને લઈને વિદ્યાર્થીઓએ હોબાળો મચાવ્યો હતો જેના પગલે પોલીસ બોલાવવાની ફરજ પડી હતી મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાત યુનિવર્સિટીના અધિકારીઓ પણ સ્કૂલ ખાતે પહોંચ્યા હતા. સરખેજના કુવૈસ પ્રાથમિક શાળા સેન્ટર ઉપર આન્સર શીટ અને OMR શીટના નંબર અલગ હોવાને લઈને ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શક્યા નથી.

અંતે અગ્નિકાંડનાં મહિનાઓ બાદ તંત્ર જાગ્યું

# રાજકોટ શહેરમાં મહિના પૂર્વે મંજૂર થયેલી ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ

## ૬ નવા ફાયર સ્ટેશન અને ૨ ફાયર સ્ટેશનનાં નવીનીકરણની પ્રક્રિયાનો પ્રારંભ

ભારત હેડલાઈન, તા.૨૪

રાજકોટમાં થયેલા TRP ગેમઝોન અગ્નિકાંડ બાદ ફાયર વિભાગમાં સ્ટાફ અને ફાયર સ્ટેશનો ઓછા હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે નવી ભરતી કરવા અને નવા ફાયર સ્ટેશન ઉભા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો તેમજ અંદાજે મહિના અગાઉ મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ માટે મંજૂરી પણ આપી દેવામાં આવી હતી ત્યારે હવે અંતે તંત્ર જાગ્યું છે અને રાજ્ય સરકાર તેમજ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મળેલી મંજૂરી મુજબ ફાયર વિભાગમાં નવી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ સાથે જ ૬ નવા ફાયર સ્ટેશન બનાવવા અને કનક રોડ તેમજ બેડીપરા સહિતનાં બે ફાયર સ્ટેશનનું નવીનીકરણ કરવા કવાયત હાથ ધરવામાં આવી છે.



મનપાનાં ડે. કમિશ્નર સ્વપ્નિલ ખરેનાં જણાવ્યા મુજબ હાલ રાજકોટમાં ૭ ફાયર સ્ટેશન અને રાજ્ય સરકાર આધારિત એક ERC સેન્ટર કાર્યરત છે પરંતુ, શહેરની વસ્તી મુજબ તેમાં વધારો કરવો જરૂરી છે. જેને લઈને કનક રોડ અને બેડીપરા ફાયર સ્ટેશનનું નવીનીકરણ કરવામાં આવનાર છે તેમજ નવા ૬ ફાયર સ્ટેશન ઉભા કરવા માટે જગ્યાનું આઈડેન્ટિફિકેશન કરવામાં આવ્યું છે ત્યાં પણ ટેન્ડર પ્રોસેસ કરીને ટૂંક સમયમાં કામગીરી શરૂ કરવામાં આવશે.

જેમાં અત્યારે જ્યાં ફાયર સ્ટેશન નથી એવા વોર્ડ નંબર-૧૮માં તેમજ રૈયારોડ ખાતેનાં સ્માર્ટ સિટીમાં પણ ફાયર સ્ટેશન બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવનાર છે.

મહાનગરપાલિકાનાં પ્લાનિંગ મુજબ તમામ ૧૮ વોર્ડમાં એક ફાયર સ્ટેશન ઉભું કરવામાં આવનાર છે.

જેના દ્વારા જે-તે વોર્ડમાં આગ લાગે ત્યારે તરત જ મદદ પૂરી પાડવા સાથે તે વોર્ડનાં ફાયર NOCની પ્રોસેસ કરવામાં આવે તે માટેનું પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત હાલ ફાયર વિભાગમાં સ્ટાફની પણ અછત હોવાથી આ માટે નવી ભરતી પણ રાજ્ય સરકારના આદેશ મુજબ કરાઈ રહી છે.

### ૪૫૦ કર્મચારીઓની ભરતી માટેની જાહેરાત

રાજ્ય સરકારનાં આદેશ મુજબ માત્ર ફાયર ફાઈટિંગ જ નહીં પરંતુ, ફાયર પ્રીવેન્શન માટેનું પણ આયોજન કરાઈ રહ્યું છે. જે અંતર્ગત તાજેતરમાં મળેલી સ્ટેન્ડિંગ કમિટી બેઠકમાં લગભગ ૪૫૦નું નવું મહેકમ મંજૂર કરી દેવામાં આવ્યું હતું. આ માટેની પ્રક્રિયા જોરશોરથી કરાઈ રહી છે. જેમાં ગત ૭ નવેમ્બર સુધીમાં તમામ પોસ્ટનાં ૪૫૦ કર્મચારીઓની ભરતી માટેની જાહેરાત આપવામાં આવી હતી અને ખૂબ મોટી સંખ્યામાં લોકોની અરજીઓ પણ આ માટે આવી છે. જેના માટેની પ્રેક્ટિકલ ટેસ્ટની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે અને ૩૦-૩૦ લોકોની ટેસ્ટ લેવામાં આવી રહી છે. ડિસેમ્બર સુધીમાં તમામ ટેસ્ટની કામગીરી પૂર્ણ કરવામાં આવશે અને નવા વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં નવા સ્ટાફની નિમણૂક પણ કરવામાં આવે એવી શક્યતા છે.

# પીઠડીયા ટોલ પ્લાઝા દ્વારા રાતારોત દોઢ ગણા ભાવ વધારાનો ઉગ્ર વિરોધ, ૨૪ કલાકમાં ભાવ વધારો પરત ખેંચવા માગ

- પીઠડીયા અને ભરૂડી એમ બે ટોલ પ્લાઝા આવે છે અને આ બંને વચ્ચે ૩૬ કિમીનું અંતર
- જે હાઈવે ઓથોરીટીના ૬૦ કિમીમાં એક જ ટોલ નાકું હોવું જોઈએના નિયમની વિરુદ્ધનું





ભારત હેડલાઈન, તા.૨૪

રાજકોટના જેતપુર નજીક આવેલ પીઠડીયા ટોલ પ્લાઝા દ્વારા રાતોરાત દસ રૂપિયામાંથી ૨૫ રૂપિયા ટોલ ચાર્જ કરી દેવામાં આવ્યો છે. દોઢ ગણા ભાવ વધારો કરતા જેતપુર ચેમ્બર્સ તેમજ ડાઈંગ એસોસિએશને ટોલ પ્લાઝાએ જઈ ૨૪ કલાકમાં ભાવ વધારો પાછો ખેંચવાની માંગ કરી હતી. તેમજ ભાવ વધારો પરત નહીં ખેંચાય તો દરેક સંસ્થાઓને સાથે રાખી ઉગ્ર આંદોલનની ચીમકી આપી હતી.

આ અંગે ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ છગનભાઈ ઉસદડિયાએ જણાવેલ કે, હાલમાં જેતપુરથી રાજકોટ સુધી ૬ લેન રોડનું કામ ચાલુ છે. ત્યારે ટોલ ટેક્ષના ભાવ વધારો કોઈ રીતે યોગ્ય નથી. જેતપુરથી રાજકોટ વચ્ચે પીઠડીયા અને ભરૂડી એમ બે ટોલ પ્લાઝા આવે છે અને આ બંને વચ્ચે ૩૬ કિમીનું અંતર છે. જે હાઈવે ઓથોરીટીના ૬૦ કિમીમાં એક જ ટોલ નાકું હોવું જોઈએના નિયમની વિરુદ્ધનું છે એટલે પીઠડીયા ટોલ નાકું હોવું જ ન જોઈએ. ભાવ વધારો ૨૪ કલાકમાં પાછો ખેંચવામાં આવે તેવી અમારી માંગ છે.

જેતપુર તાલુકાના વાહન ચાલકોને લોકલ ગણી તેમની પાસેથી આજીવન પાંચ રૂપિયા ટોલ વસુલવાની સમજૂતી થઈ હતી. પરંતુ ટોલ પ્લાઝા દ્વારા સમજૂતી તોડીને ૫ રૂપિયામાંથી ૭ રૂપિયા ૧૦ રૂપિયા ભાવ વધારો કર્યો અને હવે સીધો દોઢ ગણો વધારો ઝીંકી ૨૫ રૂપિયા કરી નાખ્યો તે કોઈ રીતે ચલાવી લેવામાં નહિ તેમ જણાવ્યુ છે.

# શહેરમાં ૬૮મી નેશનલ સ્કૂલ ગેમનો પ્રારંભ



## ૨૫ નેશનલ ગેમનું આયોજન

વર્ષ ૨૦૧૭ પછી રાજકોટને નેશનલ સ્કૂલ ગેમ મળી છે પરંતુ, વર્ષ ૨૦૦૫થી અત્યાર સુધીમાં ૨૫ જેટલી નેશનલ ગેમનું આયોજન કર્યું છે. જેમાં માસ્ટર્સ ઉપરાંત જુનિયર, સબ જુનિયર અને ઓપન કેટેગરીના ખેલાડીઓની અહીં સ્પર્ધા યોજાઈ ચૂકી છે. બ્રાઝિલમાં વર્ષ ૨૦૧૬માં ઓલમ્પિકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું સિલેક્શન રાજકોટથી થયું હતુ. વર્ષ ૨૦૧૨માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિદ્યાર્થીઓનો જુસ્સો વધારવા માટે અહીં આવ્યા હતા. અહીં કર્ણાટક, મહારાષ્ટ્ર, તમિલનાડુ, બંગાળ, દિલ્હી અને ગુજરાતના પણ અમુક ખેલાડીઓ છે કે જેમને રેકોર્ડ બનાવેલા છે.

- સ્વિમિંગ–ડાઈવિંગમાં ૨ હજાર સ્પર્ધકો, પ્રેક્ટિસ કરતા એક સ્વિમરને ઈજા થતા ૩ ટાંકા આવ્યા

ભારત હેડલાઈન, તા.૨૪

રાજકોટને વર્ષ ૨૦૧૭ પછી સ્વિમિંગ અને ડાઈવિંગની નેશનલ સ્કૂલ ગેમ યોજવાનો મોકો મળ્યો છે પરંતુ, આ સ્પર્ધા શરૂઆતથી જ વિવાદોમાં સપડાઇ છે. પહેલા ૬૮મી નેશનલ સ્કૂલ ગેમમાં ભાગ લેતા ૨ હજાર જેટલા થ્રી સ્ટાર હોટેલનું કહીને આવાસમાં ઉતારો આપવામાં આવ્યો તો હવે જે જગ્યાએ નેશનલ સ્કૂલ ગેમનો પ્રારંભ થયો છે તે રાજકોટના કોઠારિયા રોડ પરના સરદાર પટેલ સ્વિમિંગ પૂલમાં વોશરૂમમાં ગંદકી જોવા મળી હતી તો કેરાલાના કોચના કહેવા પ્રમાણે, અહીં સ્વિમિંગ પૂલ અને પ્રેક્ષક ગેલેરી ટૂંકી છે. નેશનલ તો શું ડિસ્ટ્રીક્ટ કોમ્પિટિશન પણ અહીં ન યોજવી જોઈએ. એક સ્વિમર ઈજાગ્રસ્ત થઈ જતા તેને પેટ પાસે ૩ ટાંકા આવ્યાનું જાણવા મળી રહ્યું છે. જોકે, આ દરમિયાન ગુજરાતની ૫ ગોલ્ડ મેડલ મેળવી ચૂકેલી વિદ્યાર્થિનીએ કહ્યું કે, ૩ વર્ષની ઓલમ્પિક વિજેતા કેનેડિયન સ્વિમર રોલ મોડેલ છે અને તેથી હું ભારત તરફથી ઓલમ્પિક રમવા માગું છું. રાજકોટ મહાનગરપાલિકાના સ્વિમિંગ કોચ અને છેલ્લા ૩૫ વર્ષથી વિદ્યાર્થીઓને શીખવતા બંકિમ જોશીએ જણાવ્યું હતું કે, નેશનલ સ્કૂલ ગેમમાં ભારતમાંથી ૪૫ જેટલા યુનિટના ૨ હજારથી વધુ સ્વિમર ભાગ લેવા માટે આવ્યા છે તો ડાઈવિંગના ૧૫૦થી વધુ ખેલાડીઓ આવ્યા છે. જેમાં સ્કૂલમાં અભ્યાસ કરતા અન્ડર-૧૪, ૧૭ અને ૧૯ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. ભારતના દરેક રાજ્યો ઉપરાંત કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી પણ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લેવા માટે અહીં આવ્યા છે.જ્યારે આ સ્પર્ધામાં ભાગ લેતી સ્વિમર વેનીકા પરીખ જણાવે છે કે, ગુજરાત લેવલ પર મારી પાસે ઘણી બધી સ્ટેટ ચેમ્પિયનશિપ છે, જેમાં ૫ ગોલ્ડ મેડલ મેળવ્યા છે. જેમાં સૌથી વધુ બ્રેસ્ટ સ્ટ્રોક અને બટરફ્લાય ઈવેન્ટમાં રેકોર્ડ પણ બનાવ્યા છે. હું ધોરણ-૧૧માં અભ્યાસ કરું છું અને સવારે અને સાંજે ૨-૨ કલાક સ્વિમિંગની પ્રેક્ટિસ કરું છું. છેલ્લા ૩ વર્ષની ઓલમ્પિક ચેમ્પિયન કેનેડિયન્સ સ્વિમર સમર મેકીન્ટોશ એ રોલ મોડલ હોવાનું વિદ્યાર્થિનીએ જણાવ્યું હતું.

# ગોંડલમાં ત્રીજા લગ્ન કરનાર મહિલાનું રહસ્યમય મોત

- દારૂડિયા પિતાએ બેરહેમીથી ફટકારી હત્યા કરી હોવાનો પુત્રીનો આક્ષેપ

ભારત હેડલાઈન, તા.૨૪

ગોંડલમાં ત્રીજા લગ્ન કરનાર મહિલા પોતાના ઘરે બેભાન હાલતમાં પડયા હોવાની જાણ થતા રાજકોટ રહેતી પુત્રીએ દોડી જઇ સારવાર માટે રાજકોટ હોસ્પિટલમાં ખસેડાતા તેમનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું. મહીલાને તેના પતિએ પાંચ દિવસ પહેલા દારૂડિયા પતિએ માર મારતા તેમનું મોત થયાનો પુત્રીએ આક્ષેપ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, ગોંડલમાં પટેલવાડી પાસે રહેતા નઝમાબેન સલીમહુસેન ફકીર (ઉ.વ.૪૦) નામના મહિલાને ગઇકાલે બપોરે બેભાન હાલતમાં પ્રથમ ગોંડલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું.પ્રાથમિક તપાસમાં મૃતક નઝમાબેનના ત્રીજા લગ્ન હતા અને પતિ સલીમના બીજા લગ્ન હતા. નઝમાબેનને આગલા ઘરના બે પુત્ર અને ત્રણ પુત્રી છે. જેમાં મોટી પુત્રી યાસ્મીન રાજકોટમાં પોપટપરામાં રહેતી હોય તેમણે આક્ષેપ કર્યો હતો કે, માતા નઝમાબેનને તેમના પતિ સલીમે પાંચ દિવસ પહેલા દારૂ પીને માર માર્યા બાદ માતા ઘરમાં પડયા હતા.આ બાબતની જાણ થતા તેઓ ગોંડલ દોડી જતા માતા ઘરમાં બેભાન મળી આવ્યા હતા. આથી તેમને સારવાર અર્થે ખસેડાય હતા. જેથી પતિએ માર મારતા મોત થયાનો આક્ષેપ કર્યો હતો. વધુમાં માતાને તેના સાસુ રોશનબેન, નણંદ યાસ્મીન અને પતિ સલીમ દારૂ પીને માર મારતા હોવાનું જણાવતા પોલીસે રિટ્રોગેટ એચએસલી કરાવી વધુ તપાસ હાથ ધરી છે.

# હળવદમાં ખાનગી બસ ચાલકે બાઈકને હડફેટે લેતા એકનું મોત; બે યુવકો ઈજાગ્રસ્ત, બસમાં તોડફોડ કરી

- બસે ત્રણેય યુવાનોને હડફેટે લેતા યુવાનોને ગંભીર ઈજા થઈ હતી
- સારવાર દરમિયાન એક યુવકનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું હતું




ભારત હેડલાઈન, તા.૨૪

હળવદના શક્તિનગર નજીક ખાનગી બસના ચાલકે ત્રણ યુવાનોને હડફેટે લીધા હતા. રોષે ભરાયેલા લોકોએ ખાનગી બસમાં તોડફોડ કરી હતી. ઈજા પામેલા ત્રણેય યુવાનોને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા, તેમાં ત્રણ પૈકીના એક યુવાનનું સારવાર દરમ્યાન મોત થયું હતુ. આ બનાવની જાણ થતા હળવદ પોલીસ ઘટનાસ્થળે હોંચી હતી.મળતી માહિતી પ્રમાણે હળવદ ધાંગધ્રા હાઈવે રોડ ઉપર આવેલા શક્તિનગર પાસે રોડ ઉપરથી પશુઓ રોડ ક્રોસ કરતા હતા. બાઇક લઈને જઈ રહેલા ત્રણ યુવાનો રોડની સાઇડમાં ઉભા રહ્યાં હતા. દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી ખાનગી બસ (નંબર AR 1 T 2365)ના ચાલકે આ ત્રણેય યુવાનોને હડફેટે લેતા યુવાનોને ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત ત્રણેય યુવાનોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સામે પક્ષે સ્થળ પર રોષે ભરાયેલા લોકો દ્વારા ખાનગી બસમાં તોડફોડ કરવામાં આવી હતી. હળવદ પોલીસ સ્ટેશનેથી મળી રહેલ માહિતી મુજબ અકસ્માતના આ બનાવમાં નિલેષ ઉર્ફે ખેંગાર દાજીભાઈ રાઠોડ (૧૮), અનિલ વિહાભાઈ લોદરિયા (૧૮) અને રવિરાજસિંહ ગેલાભાઈ લીબોલા રહે. ત્રણેય સુખપર વાળાઓને ઈજા થયેલ હતી. સારવાર દરમ્યાન નિલેષ ઉર્ફે ખેંગાર દાજીભાઈ રાઠોડ (૧૮) નામના યુવાનનું મોત નિપજ્યાનું જાણવા મળી રહ્યું છે.

# વાવમાં કાંઠે આવીને કોંગ્રેસ ડૂબી, ભાજપનો દિલધડક વિજય

- ૧૫ રાઉન્ડ સુધી લીડમાં રહેલી કોંગ્રેસ ભાભર તાલુકાના ઈવીએમ ખુલતા જ ૨૩૫૩ મતે હારી ગઈ



ભારત હેડલાઈન, તા.૨૪

બનાસકાંઠા જિલ્લાની વાવ-થરાદ ધારાસભા બેઠકની પેટા ચૂંટણીના આજે પરિણામો આવી જતાં કોંગ્રેસની કાંઠે આવીને ડૂબ્યા જેવી હાલત થઈ છે. મતગણતરીના પ્રારંભથી ૧૫ રાઉન્ડ સુધીમાં ૧૪ હજાર કરતા વધુ મતની લીડ મેળવનાર કોંગ્રેસના ગુલાબ સિંહ રાજપૂત ૨૩ રાઉન્ડમાં મતગણતરી પૂર્ણ થતાં ૨૪૩૬ મતે હારી ગયા હતા પરિણામે જેની હાર નિશ્ચિત મનાતી હતી તે ભાજપના સ્વરૂપજી ઠાકોર રાખમાંથી બેઠા થયા હોય તેમ વિજેતા જાહેર થયા હતાં.ટી-૨૦ મેચની અંતિમ ઓવરો જેવા માહોલમાં મતગણતરી પૂર્ણ થઈ હતી. ૧૪ રાઉન્ડમાં ૧૪ હજારની લીડ થઈ જતાં કોંગ્રેસે વિજય સરઘસની તૈયારી કરી લીધી અને ગેનીબેન ઠાકોરે મતદારોનો આભાર પણ માની લીધો હતો. પરંતુ ૧૬માં રાઉન્ડ બાદ ભાભર તાલુકાના ઈવીએમ ખુલતા આખી બાજી પલ્ટાઈ ગઈ હતી. અને ભાજપના સ્વરૂપજી ઠાકોર જીતી ગયા હતાં.આ પેટા ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ અને ભાજપના બળવાખોર અપક્ષ ઉમેદવાર માવજી પટેલ વચ્ચે ત્રિપાંખિયો જંગ હતો ભાજપ પ્રમુખ સી.આર. પાટીલનું પાણી માપવાની વાત કરનાર માવજી પટેલનું પણ આ પેટા ચૂંટણીમાં પાણી મપાઈ ગયું છે. તેઓ ૨૭,૧૩૩ મત ખેંચી ગયા છે. પરંતુ ભાજપને હરાવી શક્યા નથી.મતગણતરી પૂર્ણ થતાં ભાજપના વિજેતા ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરને ૯૨૧૨૯ મત, કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂતને ૮૯૬૯૩ મત અને અપક્ષ માવતીભાઈ પટેલને ૨૭૧૮૩ મત મળ્યા હતાં જ્યારે ચોથા નંબરે નોટામાં ૩૩૫૮ મત પડ્યા હતાં. આ સિવાયના અન્ય સાત અપક્ષોને ૪૬૮થી માંડી ૨૦૩૭ મત મળ્યા હતાં. આ પેટા ચૂંટણીના પરિણામો પણ ટી-૨૦ મેચની સુપર ઓવર જેવા રહ્યા હતાં. પ્રથમ રાઉન્ડથી જ કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂત લીડમાં જોવા મળ્યા હતાં. અન સતત ૧૪ રાઉન્ડ સુધી આગળ રહ્યા હતા. ૧૪ રાઉન્ડની મતગણતરી પૂરી થઈ ત્યારે કોંગ્રેસના ઉમેદવારને ૧૪૦૪૬ મતની લીડ હતી પરંતુ ત્યાર બાદ લીડ તુટવાનું શરૂ થયું હતું. અને ભાભર તાલુકાના ગામડાઓના ઈવીએમ ખુલતા જ કોંગ્રેસનીલીડ ધડાધડ તુટવા લાગી હતી. મત ગણતરીના ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦ અને ૨૧માં રાઉન્ડમાં કોંગ્રેસની તમામ લીડ તુટી ગઈ હતી અને ૨૨માં રાઉન્ડની મત ગણતરી પૂર્ણ થતાં ભાજપના સ્વરૂપજી ઠાકરો ૧૪૩ મતે આગળ નિકળી ગયા હતાં. જ્યારે ૨૩ રાઉન્ડની મતગણતરી પૂર્ણ થતાં ભાજપની લીડ ૨૩૪૬ની થઈ ગઈ હતી અને ભાજપના ઉમેદવારને વિજેતા જાહેર કરાયા હતાં.

ગત લોકસભા ચૂંટણીમાં ગેનીબેન ઠાકોરે બનાસકાંઠા બેઠક પરથી જીત મેળવી હતી, જેને લઈને વાવ વિધાનસભા બેઠક પર પેટાચૂંટણી યોજવામાં આવી હતી. વાવ બેઠક પર કોંગ્રેસે ગુલાબસિંહ રાજપૂત, ભાજપે સ્વરૂપજી ઠાકોર અને અપક્ષમાંથી માવજી પટેલે ચૂંટણી લડી હતી. આ ત્રિપાંખિયો જંગ સમગ્ર રાજ્યમાં ચર્ચાનું કેન્દ્ર રહ્યો હતો. ટિકિટ ના મળતા નારાજ માવજી પટેલ અપક્ષમાંથી ઉતર્યા બીજી તરફ ગુલાબસિંહ રાજપૂત માટે ગેનીબેને ચૂંટણી રેલીઓ યોજી હતી. જ્યારે સ્વરૂપજીને જીતાડવા માટે ભાજપે પણ તનતોડ મહેનત કરી હતી. સ્વરૂપજી ઠાકોર વાવ તાલુકાના બીયોક ગામના રહેવાસી છે.

# ઉપલેટામાં દબાણરૂપ ૩૫ દરગાહ અને મંદિર તોડી પાડવા નોટિસ



- ૧૦ દિવસમાં આધાર પૂરાવા રજૂ કરવા મુદત આપી

ભારત હેડલાઈન, તા.૨૪

ઉપલેટા નગરપાલિકાના ચીફ ઓફિસર નીલમબેન ઘેટીયા તારીખ ૧૧ નવેમ્બરથી ૨૭ નવેમ્બર સુધી રજા ઉપર હોય જેને લઈને ધોરાજી નગરપાલિકાના ઈન્ચાર્જ ચીફ ઓફિસર મોઢવાડિયા હાલ ચાર્જમાં છે. રાજકોટ જિલ્લા કલેક્ટરના આદેશ બાદ ઉપલેટા શહેરમાં જાહેર રોડ ઉપર ૩૫ જેટલા અલગ-અલગ સ્થળોએ ધાર્મિક દબાણ કરી રોડ રસ્તામાં ઉભા કરવામાં આવેલ ધાર્મિક સ્થળોને ઉપલેટા નગરપાલિકા દ્વારા નોટિસો ફટકારવામાં આવી છે. તેમજ ૧૦ દિવસમાં જે તે ધાર્મિક જગ્યા કે સ્થળોના આધાર પુરાવા રજુ કરવા માટે નોટિસમાં આદેશ આપવામાં આવ્યો છે. ઉપલેટા નગરપાલિકાના ચીફ ઓફિસર નીલમબેન ઘેટીયા તારીખ ૧૧ નવેમ્બરથી ૨૭ નવેમ્બર સુધી રજા ઉપર હોય જેને લઈને ધોરાજી નગરપાલિકાના ઈન્ચાર્જ ચીફ ઓફિસર મોઢવાડિયા હાલ ચાર્જમાં છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના હુકમ બાદ ઈન્ચાર્જ ચીફ ઓફિસર મોઢવાડિયા દ્વારા જાહેર રોડ રસ્તાઓમાં તેમજ સરકારી જમીન પર થયેલ ગેરકાયદેસર ધાર્મિક સ્થળો જેવા કે જીકરીયા ચોકમાં આવેલ ધંધુશાહ પીરની દરગાહ, પંચ હાટડી વિસ્તારમાં આવેલ ખીજડીયા શાહ પીરની દરગાહ, જીરાશા પીરની દરગાહ, ગેબનશાહ પીરની દરગાહ તેમજ સાંઈબાબા મંદિર, હનુમાન મંદિર, વિશ્વકર્મા મંદિર, મહાકાળી શક્તિપીઠ સહિતના નાના મોટા ૩૫ જેટલા ધાર્મિક સ્થળો ઉપર તેમજ તે ધાર્મિક સ્થળોનું સંચાલન કરતા લોકોને જે તે ધાર્મિક સ્થળો પર જાહેર નોટિસ ચિપકાવી છે. આ અંગે ૧૦ દિવસમાં આધાર પુરાવા રજૂ કરવા અથવા દબાણ જાતે દૂર કરવા સૂચનાઓ આપવામાં આવી હતી. જો આ પ્રકારના ગેરકાયદેસર કરાયેલા દબાણો દૂર કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ઉપલેટા નગરપાલિકા દ્વારા કોઈપણ જાતની જાણ કર્યા વગર નગર નગરપાલિકા તંત્ર દ્વારા દબાણો દૂર કરવામાં આવશે તેવી જાણ કરવામાં આવી હતી.

# નવા નિયમ મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રથમ કોપી કેસ

ભારત હેડલાઈન, તા.૨૪

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં દિવાળીના વેકેશન બાદ તુરંત જ સેમેસ્ટર-૩ અને ૫ ની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. જેમાં ગુજરાતીના પેપરમાં એક વિદ્યાર્થી ગેરરિતી કરતા ઝડપાયો હતો તેની સામે સૌરાષ્ટ્ર યુનિ.ના નવા સ્ટેચ્યુટ મુજબ કોપીકેસ કરવામાં આવ્યો છે. નવા કાયદા મુજબ આ પ્રથમ કોપીકેસ નોંધવામાં આવ્યો છે.



મળતી વિગત મુજબ સેમેસ્ટર-૫માં એક્સપનેલમાં ગુજરાતનું પેપર આપતો વિદ્યાર્થી ગગોસરાણીકોલેજમાં ચોરી કરતો ઝડપાયો હતો જેમાં વિદ્યાર્થી પોતાના પગમાં પરીક્ષાને સબંધીત લખાણ કરી લાવ્યો હતો અને તેમાંથી ચોરી કરતા ઝડપાયો હતો. તેની સામે યુનિવર્સિટી દ્વારા નવા કાયદા મુજબ કોપીકેસ નોંધવામાં આવ્યો છે. યુનિવર્સિટી દ્વારા ૧૨૭ કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવી રહી છે.

રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જ ગુજરાત ગવર્મેન્ટ ગેજેટ જાહેર કરવામાં આવ્યો છે. તેમાં રાજ્યની યુનિવર્સિટીની પરીક્ષામાં ગેરરિતી કરતા વિદ્યાર્થી ઝડપાય તો તેની સામે સજાની જોગવાઈ કરાઈ છે. પરીક્ષામાં ચોરી કરતા ઝડપાયેલા વિદ્યાર્થીને રૂા. ૨૫૦૦થી લઈને ૧૦ હજાર સુધીનો દંડ કરવાનો નિયમ બનાવાયો છે.

# જંત્રીના દર વધે તો મિલ્કત વેરો પણ વધવાની ગણતરી! છતાં ચૂંટણી વર્ષમાં ફેરફાર નહીં થાય

## • કાર્પેટ એરીયામાં જંત્રીની પણ ગણતરી થાય છે : જયાં જયાં ચૂંટણી ત્યાં ટેકસ નહીં વધારવાના સંકેત



ભારત હેડલાઈન, તા.૨૪

રાજયમાં એક તરફ જમીન મિલ્કતની જંત્રી વધારવાની તૈયારી થઈ ગઈ છે ત્યારે સ્વાભાવિક રીતે મહાપાલિકાની મિલ્કત વેરા વધે તેવી આગાહી ઘણા જાણકારો કરવા લાગ્યા છે. પરંતુ આગામી વર્ષના અંતમાં મહાપાલિકાની ચૂંટણી ગાજવા લાગવાની હોય, જંત્રી વધવા છતાં કમ સે કમ એક વર્ષ મિલ્કત વેરો નહીં વધે તેવું રાજકીય લોબીમાંથી જાણવા મળ્યું છે. માત્ર રાજકોટ નહીં પરંતુ જે જે મહાનગરમાં આવતા વર્ષના અંતે ચૂંટણી આવવાની છે ત્યારે લગભગ કોઈ કોર્પોરેશનમાં વેરો નહીં વધે તેમ સમજવામાં આવે છે.

પૂરા રાજયમાં હાલ નવી જંત્રી લાગુ કરવા તૈયારીઓ ચાલી રહી છે અને તેના સૂચિત દરો જાહેર કરાયા છે જે વર્તમાન દર કરતા બમણાંથી લઈને ચારથી પાંચ ગણા વધુ છે. વાંધા સૂચનો બાદ અંતિમ દર જાહેર થવાના છે. અત્યારથી બિલ્ડર સહિતનો વર્ગ ઉંચી જંત્રી સામે કકળાટ કરવા લાગ્યો છે.

રાજકોટ મહાપાલિકા દ્વારા એપ્રિલ ૨૦૧૮થી કાર્પેટ એરિયા બેઈઝ મિલ્કતવેરા આકારણીની પધ્ધતિ લાગુ કરાઈ છે જેથી જંત્રી દર વધારાની સીધી અસર મિલકત વેરા દર ઉપર આવે અને મિલ્કતવેરો પણ વધે. પરંતુ જંત્રી દર વધે તો પણ હાલના તબક્કે રાજકોટમાં મિલકત વેરા દર વધારવા માટે તૈયારીનો પણ વિચાર મૂકવામાં આવ્યો નથી. તેના બદલે મનપાની ટેકસની આવક વધે તેવા પ્રયાસો પર પૂરા વહીવટી તંત્રએ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

ટેકસ વિભાગમાં ઘણા કલાર્કને વોર્ડ ઓફિસરની જવાબદારી અપાયા બાદ જગ્યામાં ખાડા પડયા છે. વેરા વસુલાત ચાલુ છે પરંતુ નવી આકારણી સહિતની કાર્યવાહી ધીમી ગતિએ ચાલી રહી છે. રાજકોટમાં કુલ મિલ્કતોની સંખ્યા ૬.૦૩ લાખથી વધુ છે.

આ વર્ષે વેરાની આવક ગત વર્ષથી વધુ આગળ ચાલી રહી છે. ચાલુ નાણાકીય વર્ષના અંતે કુલ આવક ૪૦૦ કરોડને પાર કરવા ટેકસ વિભાગનો ઈરાદો છે. આવતા વર્ષે પણ વેરાનો ટાર્ગેટ લગભગ વધારી શકાય તેમ ન હોય, વધુને વધુ કરદાતાઓને ટેકસ ભરતા કરવા કવાયત ચાલી રહી છે. આ રીતે નિયમિત વેરો ભરતા કરદાતાઓની સંખ્યા વધે તેના પર કામ ચાલી રહ્યું છે.

# રાજકોટ શહેરમાં એથ્લેટિક ટ્રેક ફેવરીટ; રેસકોર્સ સંકુલમાં કુલ ૨૩૪૫૭ સભ્યોની ખેલકૂદ

શિયાળાનો ધીમી ગતિએ પ્રારંભ થયો છે અને અઠવાડિયાથી વોકિંગ, જોગીંગ, જીમ, સાયકલીંગ સહિતની સ્પોર્ટસ એકટીવીટીમાં લોકોની સંખ્યા વધવા લાગી છે. તેવામાં રેસકોર્સમાં આવેલ જુદા જુદા સ્પોર્ટસ સંકુલોમાં એક વર્ષમાં ૨૩ હજારથી વધુ સભ્યોએ એકટીવીટીનો લાભ લીધો છે. તો વર્ષમાં મનપાને ૧.૧૧ કરોડની આવક પણ થઈ છે. રેસકોર્સમાં એથ્લેટીક ટ્રેક, ટેનિસ, ક્રિકેટ, બેડમિન્ટન સહિતની રમત-ગમત પ્રવૃત્તિ ઉપલબ્ધ છે. તા.૧-૧૧-૨૩થી તા.૩૧-૧૦-૨૪ સુધીના એક વર્ષમાં જુદી જુદી ૧૦ એકટીવીટીમાં ૨૩૪૫૭ લોકોએ સભ્યપદ મેળવ્યું હતું. તે પેટે ૧૧૧.૮૭ લાખની આવક મનપાને થઈ છે. તેમાં સૌથી વધુ સભ્યો એથ્લેટીક ટ્રેકમાં હોય છે. આ આવક સામે ૧૩.૫૬ લાખનો સફાઈ ખર્ચ અને ૧૦.૮૫ લાખનો મજુર ખર્ચ મળી વર્ષે ૨૪.૪૧ લાખનો કુલ ખર્ચ નિભાવણી માટે થયો હતો.રેસકોર્સમાં આવેલા એથ્લેટીક ટ્રેકમાં સૌથી વધુ ૧૪૨૨૩ સભ્યો નોંધાયેલા છે. આ ટ્રેકમાંથી વર્ષે ૬૪.૬૮ લાખની આવક થઈ છે. એથ્લેટીક ટ્રેક રનીંગ અને જોગીંગ માટે એક વર્ગમાં ખુબ પ્રિય છે. જોકે તેની ફી પણ તમામ વર્ગના લોકોને પરવડે તેવી નથી એ પણ હકીકત છે.તે બાદ વિવિધ જીમમાં સૌથી વધુ ૩૮૭૨ની સંખ્યા રહે છે. તેમાંથી મનપાને વર્ષે ૬.૫૪ લાખની આવક થાય છે. સરગમ કલબને સંચાલન માટે સોંપવામાં આવેલ ઈન્ડોર સ્ટેડીયમમાં ૨૨૭૦ સભ્યો નોંધાયેલા છે. ફુટબોલમાં ૧૨૦૦ સભ્યોમાંથી મનપાને વર્ષે ૧૧.૪૨ લાખની આવક થઈ છે. આ સિવાય ક્રિકેટમાં ૭૫૦, સ્કેટીંગમાં ૫૦૦ અને ટેનીસમાં પણ ૧૬૯ સભ્યો નોંધાયેલા છે. બાસ્કેટ બોલમાં ૨૯૬ છાત્રો સહિતના તરૂણો અને યુવકો તાલીમ લે છે અને રમે છે. ભારતની રાષ્ટ્રીય રમત હોકીમાં માત્ર ૫૦ સભ્ય નોંધાયેલા છે. હોકીમાંથી વર્ષે ૫૫ હજારની આવક તંત્રને થાય છે. એકંદરે કુલ ૧૦ રમતમાં હવે શિયાળામાં ધીમે ધીમે સભ્યોની સંખ્યા વધશે તેવું લાગે છે.

# નાગરિક બેન્કના ચેરમેન તરીકે દિનેશભાઈ પાઠક અને વાઈસ ચેરમેન તરીકે જીવણભાઈ પટેલ ચુંટાયા

## જિલ્લા રજીસ્ટાર દ્વારા પરિણામ જાહેરઃ વિધિવત ચાર્જ સંભાળ્યો





ભારત હેડલાઈન, તા.૨૪

રાજકોટ નાગરિક સહકારી બેંકની યોજાયેલી ચુંટણીમાં સહકાર પેનલે પ્રચંડ વિજય મેળવ્યા બાદ આજે જીલ્લા રજીસ્ટાર દ્વારા સતાવાર રીતે ચેરમેન તરીકે દિનેશભાઈ પાઠક અને વાઈસ ચેરમેન તરીકે જીવણભાઈ પટેલને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા અને બન્નેએ વિધિવત રીતે તેમના હોદાનો ચાર્જ સંભાળ્યો હતો.

ગઈકાલે બોર્ડ ઓફ ડિરેકટરના ૨૧ સભ્યોમાંથી દિનેશભાઈ પાઠક અને જીવણભાઈ પટેલે જ ફોર્મ ભર્યા હતા જેથી તેઓ આજે બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. જીલ્લા રજીસ્ટાર દ્વારા તેઓને ચુંટાયેલા જાહેર કરતા બોર્ડના સભ્યો તથા બેન્કના અધિકારીઓ દ્વારા અભિનંદન અપાયા હતા.

બાદમાં બન્નેએ વિધિવત રીતે તેમના હોદાનો ચાર્જ સંભાળી લેતા લાંબા સમયથી વિવાદી બની રહેલી આ ચુંટણીમાં હવે પુર્ણવિરામ આવ્યુ છે.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડીર–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર કે.વી. મોરીની બદલી વડોદરા ખાતે થતાં વિદાય સમારોહ યોજાયો



ભારત હેડલાઈન, તા.૨૪

રાજકોટ જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર કે.વી. મોરીની બઢતી સાથે બદલી વડોદરા ખાતે થતા તેઓનો વિદાય સન્માન કાર્યક્રમ ધરાસાભ્ય રમેશભાઈ ટીલાળાના અધ્યક્ષ સ્થાને ગત તા.૧૮ ને સોમવારના રોજ રાજકોટ એન્જીન્યરીંગ એસોસિએશન ભક્તિનગર જી.આઈ.ડી.સી. રાજકોટ ખાતે રાખવામાં આવેલ અને આ કાર્યકમમાં વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રના ચેમ્બર્સ તેમજ ૨૫ થી વધુ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રતિનિધિઓ હાજર રહી કે.વી.મોરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# રાજકોટ એસ.ટી.ની વિજીલન્સ શાખા દ્વારા ખાનગી વાહનો ઉપર તવાઈઃ ૩૫ વાહન ડિટેઈન

- શાપર, માધાપર, ગ્રીનલેન્ડ અને આજીડેમ ચોકડી વિસ્તારમાં ચેકીંગ કરાયું

રાજકોટ શહેર અને તેની આસ-પાસનાં વિસ્તારોમાં પેસેન્જરોની ગેરકાયદેસર હેરફેર કરતા અને નો-પાર્કિંગ ઝોનનો ભંગ કરતા ખાનગી વાહનો ઉપર રાજકોટ એસ.ટી.વિભાગની વિજીલન્સ શાખાએ છેલ્લા બે દિવસથી તવાઈ ઉતારી છે.અને જુદા-જુદા વિસ્તારોમાં પોલીસને સાથે રાખી સઘન ચેકીંગ હાથધર્યું હતું.આ અંગેની રાજકોટ એસ.ટી.વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ વિજીલન્સ શાખાની જુદી-જુદી ટીમોએ સ્થાનિક પોલીસને સાથે રાખી અને શાપર (વેરાવળ),માધાપર, ગ્રીનલેન્ડ ચોકડી તથા આજીડેમ ચોકડી, પાસે ચેકીંગ હાથ ધર્યું હતું. આ ચેકીંગ દરમ્યાન નો-પાર્કિંગ ઝોનનો ભંગ કરતા અને મુસાફરોની ગેરકાયદેસર હેર-ફેર કરતા ઈકો સ્વિફ્ટ ઝોર પર અર્ટીગા જેવા-૩૫ ખાનગી વાહનો ડિટેઈન કર્યા હતાં.

# હૃદયરોગના હુમલાએ વધુ ત્રણ ભોગ લીધા

રાજકોટ સહિત રાજ્યભરમાં હૃદયરોગના હુમલાથી દરરોજ અનેક માનવ જિંદગી કાળના ખપ્પરમાં હોમાઈ રહી છે. ત્યારે રાજકોટમાં મહિલા સહિત વધુ બે વ્યક્તિના હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યા છે. જેમાં શાપરમાં પ્રૌઢા, કોઠારીયા મેઇન રોડ ઉપર આનંદનગરમાં આધેડ અને રામ પાર્કમાં વૃદ્ધનું મોત નિપજતા પરિવારમાં ગંદગીની છવાઈ જવા પામી છે.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ શહેરની ભાગોળે આવેલા શાપરમાં રહેતા પૂનમદેવી રામજીસિંગભાઈ ભારદ્વાજ નામના ૫૪ વર્ષના પ્રૌઢા સાંજના સાતેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા. ત્યારે છાતીમાં દુખાવો ઉપડતા તેમને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે પ્રૌઢાનું હૃદયરોગના હુમલાથી મોત નીપજયુ હોવાનું જાહેર કરતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછપરછમાં મૃતક પ્રૌઢા મૂળ બિહારના વતની હતા અને તેમને સંતાનમાં બે પુત્ર અને ત્રણ પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત બીજા બનાવમાં કોઠારીયા મેઇન રોડ ઉપર આનંદનગર કોલોનીમાં રહેતા કમલેશભાઈ ગુલાબભાઈ પાટડીયા નામના ૫૬ વર્ષના આધેડ રાત્રીના અરસામાં પોતાના ઘરે હતા. ત્યારે હૃદયરોગનો હુમલો આવતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પૂછપરછમાં કમલેશભાઈ પાટડીયા બે ભાઈ એક બહેનમાં નાના હતા અને તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. કમલેશભાઈ પાટડીયા નોકરી પરથી ઘરે આવીને જમવા બેઠા હતા અને જમીને ઊભા થયા બાદ હૃદયરોગનો હુમલો આવતા મોત નિપજયુ હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત ત્રીજા બનાવમાં કોઠારીયા મેઈન રોડ ઉપર શ્રી રામપાર્કમાં રહેતા શામજીભાઈ રામજીભાઈ નસીમ નામના ૮૪ વર્ષના વૃદ્ધ પોતાના ઘરે હતા. ત્યારે બેભાન હાલતમાં ઢળી પડ્યા હતા. વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે વૃદ્ધનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું હોવાનું જાહેર કરતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. શહેરમાં લક્ષ્મીનગર વિસ્તારમાં જીબી ઓફિસ સામે આવેલા આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા ગોવિંદભાઈ અમરશીભાઈ સોલંકી નામનો ૩૨ વર્ષનો યુવાન રાત્રીના બારેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો.

# ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રી દ્વારા ઈ-કોમર્સ એક્સપોર્ટ સમિટ યોજાઈ




ભારત હેડલાઈન, તા.૨૪

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જોઈન્ટ ડીજીએફટી રાજકોટ તથા એફઆઈઈઓ અમદાવાદ ચેપ્ટરના સંયુકત ઉપક્રમે 'ઈ-કોમર્સ એક્સપો સમિટ'નું તા.૨૨ના રોજ આયોજન કરવામાં આવ્યું જેમાં જોઈન્ટ ડીજીએફટી રોહિત સોની, સીજીએસટી જો.કમિશ્નર પંકજસિંઘ, એસજીએસટી ડેપ્યુટી કમિશ્નર ક્રિપાલસિંહ ગોહિલ હાજર રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.પી. વૈષ્ણવ તથા ઉપપ્રમુખ અને ફિઓના કન્વીનર પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારી નિકાસકારોને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડેલ. જોઈન્ટ ડીજીએફટી રોહિત સોનીએ જણાવેલ કે, નિકાસને વધુ વેગ મળે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે તેમજ ઈ-કોમર્સને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું હોય આ બાબતે કોઈપણ સમસ્યા હોય તો રાજકોટ ડીજીએફટી ઓફિસ હંમેશા સહયોગ આપશે. સીજીએસટી જો.કમિશ્નર પંકજસિંઘ તથા એસજીએસટી ડે.કમિશ્નર ક્રિપાલસિંહ ગોહિલે વેપાર-ઉદ્યોગકારોને જીએસટી અંતર્ગત રજીસ્ટ્રેશનને લગતા કે અન્ય કોઈપણ પ્રશ્નો હોય તો જણાવવા અનુરોધ કરેલ. જેનું યોગ્ય નિરાકરણ લાવીશું.

એમેઝોન ગ્લોબલ સેલીંગના ડેવલોપમેન્ટ મેનેજર યશ દવેએ ભારતીય વ્યવસાયોને ઈ-કોમર્સ મારબતે નિકાસમાં સક્ષમ બનાવવા માટે જે સહયોગ આપવામાં આવે છે તેની જાણ કરતા આ પ્લેટફોર્મ ઉપર રજીસ્ટ્રેશન કરાવવું, દસ્તાવેજો અને લાયસન્સ



સપોર્ટ, લોજીસ્ટીક સપોર્ટ, થર્ડ પાર્ટી સર્વિસ, ઓનલાઈન વેબીનાર, નોર્થ અમેરિકા-યુરોપ- મિડલ ઈસ્ટ- એસીયા પેસીફીક દેશોમાં નિકાસ તથા પેમેન્ટ જેવી બાબતો અંગે જાણકારી આપેલ. ત્યાર બાદ એસબીઆઈના રીલેશનશીપ મેનેજર ગીતેશ સોનવાનેએ એસબીઆઈ તરફથી એકસપોર્ટ ફાઈનાન્સીંગ અંગેની જાણકારી આપેલ.મુખ્ય વકતા આનંદ મીરાણી દ્વારા એસએમઈએસ અને એમએસએમઈએસ માટે ઈ-કોમર્સમાં રહેતી તકો, ફોરેન ટ્રેડ પોલીસી, કસ્ટમ્સ, એક્ષચેન્જ કંટ્રોલ, રીસ્ક મેનેજમેન્ટ, લોજીસ્ટીક, વિવિધ પ્રોડકટો, એક્સપોર્ટ માર્કેટ, આરબીઆઈ ગાઈડલાઈન, પેમેન્ટ મેથડ જેવી બાબતો અંગે જાણકારી આપેલ. તેમજ ડીએચએલ એક્સપ્રેસ ઈન્ડિયા પ્રા.લી.ના એરીયા સેલ્સ મેનેજર ધ્રુવ કેશવાણી દ્વારા લોજીસ્ટીક સપોર્ટ અંગે માહિતી આપેલ.

ત્યારબાદ ઉપસ્થિત વેપાર-ઉદ્યોગકારો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે નિષ્ણાંતો તરફથી યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વ્યકત ફીઓના ગુજરાત હેડ જયપ્રકાશ ગોયેલે કરેલ.



# ગુલાબી ઠંડીની શરૂઆતમાં જ તાપમાનનો પારો ઉંચકાયો

## લઘુત્તમ-મહત્તમ તાપમાનમાં બે ડિગ્રીનો વધારો થવાની સંભાવના

**● ૧૨.૭ ડિગ્રી સાથે દાહોદ સૌથી ઠંડુ શહેર રહ્યું**

ભારત હેડલાઇન, તા.૨૪

ગુજરાતમાં માંડ ફુલગુલાબી ઠંડીનો માહોલ જામ્યો ત્યાં તાપમાનનો પારો ફરી ઉંચકાયો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યના વિવિધ જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન બે ડિગ્રી સુધી વધવાની સંભાવના છે. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું લઘુત્તમ અને મહત્તમ તાપમાન એક ડિગ્રી સેલ્સિયસ જેટલું વધ્યું છે. આગામી સમયમાં તાપમાનમાં વધારો થતાં ઠંડીમાંથી અંશતઃ રાહતના એંધાણ હવામાન વિભાગે વ્યક્ત કર્યા છે.

ઉલ્લેખનીય છે કે, ઉત્તર પૂર્વ અને પૂર્વ દિશા તરફથી પવનો આવતા હોવાથી તે હિમાલયના ઠંડા પવનોને ગુજરાત સુધી ખેંચી લાવે છે. પરંતુ હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી દિવસોમાં પૂર્વ અને દક્ષિણ પૂર્વ દિશા તરફથી ગુજરાત પર પવન આવવાના હોવાથી ઠંડીના ચમકારામાંથી રાહત મળવાની સંભાવના છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યભરમાં દાહોદમાં સૌથી ઓછું ૧૨.૭ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત રાજ્યના ચાર મહાનગરોમાં અમદાવાદમાં ૧૬ ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં ૧૪.૮ ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં ૧૪.૯ અને સુરતમાં ૧૯.૨ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

ઉલ્લેખનીય છે કે, પવનની દિશા ફંટાતા મહત્તમ તાપમાનમાં પણ વધારો નોંધાયો છે. જેમાં અમદાવાદ શહેરનું દિવસ દરમિયાનનું મહત્તમ તાપમાન ૩૧.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જો કે, આ તાપમાન ૨૨ નવેમ્બરના તાપમાન કરતા વધુ છે, પરંતુ તેમ છતાં સામાન્ય કરતા હજુ પણ ૦.૯ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન ઓછું નોંધાયું છે.

# શહેરમાં ટીબીએ વધુ એકનો ભોગ લીધોઃ ૩૨ વર્ષિય યુવકનું મોત

**મૃતક ગોવિંદ સોલંકી લક્ષ્મીનગરમાં રહેતોઃ એકના એક પુત્રના મોતથી યુવકના પરિવારમાં ગમગીની છવાઈ**

ટીબીએ વધુ એકનો ભોગ લીધો છે.લક્ષ્મીનગરમાં રહેતાં ૩૨ વર્ષિય યુવકનું ટીબીની બીમારીથી મોત નીપજ્યું છે. એકના એક પુત્રના મોતથી મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.બનાવની પ્રાપ્ત વિગતો મુજબ લક્ષ્મીનગરમાં જીઈબીની સામે આવાસ ક્વાર્ટરમાં રહેતાં ગોવિંદ અમરશીભાઈ સોલંકી (ઉ.વ.૩૨) નામનો યુવક ગઈ કાલ રાત્રીના પોતાનાં ઘરે હતો ત્યારે અચાનક બિમારી સબબ બેભાન થઈ જતાં તાકીદે તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવારમાં દમ તોડી દિધો હતો. બનાવ અંગે મૃતકના પરિવારજને જણાવ્યુ હતું કે ગોવિંદને ટીબીની બીમારી હતી. જેની સારવાર શરૂ હતી. તેમનાં પરિવારમાં એક નો એક હતો. અને તેને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર હોવાનું અને શાકભાજીનો વ્યસાય કરતો હોવાનું મૃતકના પરિવારે જણાવ્યું હતું.

# કાલે દાંત અને પેઢાના રોગોનો નિદાન સારવારનો કેમ્પ



ભારત હેડલાઇન, તા.૨૪

દિવ્ય જીવન સંઘ ૨ - શિવાનંદ મિશન રાજકોટ અને ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ નો સંયુક્ત ઉપક્રમે દર મંગળવારે સવારે ૯ થી ૧૦ વાગ્યા સુધી શિવાનંદ ભવન, ૬/૯ જંકશન પ્લોટ સુખ સાગર પાન પાસે રાજકોટ ખાતે વિનામુલ્યે દંત ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેમાં દાંત અને પેઢાના રોગોનું વિનામૂલ્યે નિદાન કરી જાલંધર બંધ યોગ વડે દાંત કાઢી આપવામાં આવે છે.